**Dr. Kirit Somaiya**
B.Com, FCA, Ph.D.
**Ex-Member of Parliament**
*Member, BJP National Executive*
*Vice President, BJP Maharashtra*

**Bharatiya Janata Party**
भारतीय जनता पार्टी

અખબારી યાદી

૧૦ ઓકટોબર, ૨૦૦૮

# લાખ્ખો બોગસ/ બંગલાદેશી મતદાર અરજી પત્રકો નકારી કઢાયા : ડો. કિરીટ સોમૈયા

ભાજપે ઉપસ્થિત કરેલી ચિંતાઓ અને બોગસ/ બંગલાદેશીઓની મતદાર નોંધણી અરજીઓ રદ કરવાની કરેલી માગણીઓને ચૂંટણીપંચે સ્વીકારી લીધી છે. ભાજપના નેતા ડો. કિરીટ સોમૈયાએ એવી માહિતી આપી હતી કે ભાજપે ૨૦ વિધાનસભા મતદાર સંઘમાં મતદાર યાદીમાં ગોટાળા હોવાના વાંધા રજૂ કર્યા હતા જે ચૂંટણી પંચે સ્વીકારી લીધા છે.

માનખુર્દ શિવાજીનગરમાં ૧૯,૧૦૫ અરજીઓ આવી હતી, જેમાંથી ૧૪,૫૦૦ શિવાજીનગરના બંગલાદેશી વિસ્તારની હતી. આમાંથી ૧૩,૦૦૦ અરજીઓ નકારી કાઢવામાં આવી છે.

| મતદારસંઘ | પ્રાપ્ત અરજીઓ | નકારી કઢાયેલી બોગસ/ બંગલાદેશી અરજીઓ |
|---|---|---|
| માનખુર્દ | ૧૯,૧૦૫ | ૧૩,૩૩૭ |
| અણુશક્તિ નગર | ૧૬,૦૪૪ | ૮,૫૬૪ |
| મીરા ભાયંદર | ૨૬,૫૮૭ | ૧૦,૮૧૬ |
| ઓવલા માજીવડા | ૧૯,૬૯૦ | ૮,૭૪૯ |
| ઐરોલી | ૪૨,૭૬૮ | ૨૭,૧૪૨ |
| બેલાપુર | ૩૪,૦૦૩ | ૨૪,૨૧૭ |
| નાલાસોપારા | ૧૯,૯૮૩ | ૬,૨૬૭ |
| પિંપરી | ૫૪,૫૬૧ | ૩૦,૪૫૫ |
| પનવેલ | ૩૪,૩૯૯ | ૨૮,૧૬૪ |

ડો. સોમૈયાએ બોગસ/ બંગલાદેશી મતદારોની નોંધણીના મસમોટા કૌભાંડને આકાર લેતાં અટકાવવા બદલ ચૂંટણી પંચ, મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી દેભાશિષ ચક્રવર્તીનો આભાર માન્યો હતો.

ભાજપે એવી માગણી કરી છેઃ

૧. રાજ્ય સરકારે આ કૌભાંડમાં સંડોવાયેલા તમામ સામે કઠોર કાર્યવાહી કરવી જોઈએ.
2. બોગસ/ બંગલાદેશીઓ સામે ફોજદારી કાર્યવાહી કરવી જોઈએ.

3. ચૂંટણીપંચે રાજ્ય સરકારને ૭ દિવસમાં પગલાં લેવા માટે અને તેનો અહેવાલ સુપરત કરવા માટે કહેવું જોઈએ.
4. સરકારી કર્મચારીઓ, એસીઓએ બોગસ દસ્તાવેજો, અરજીઓને સમર્થન આપ્યું તેમની સામે ભારતીય ફોજદારી સંહિતાની કલમ ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦ હેઠળ કાર્યવાહી કરવી જોઈએ.
5. જનપ્રતિનિધિ ધારા હેઠળ કાર્યવાહી કરવી જોઈએ.
6. વિદેશી નાગરિક ધારા હેઠળ કાર્યવાહી કરવી જોઈએ.
7. બંગલાદેશીઓનું પ્રત્યાર્પણ કરવું જોઈએ.

ભાજપી નેતા ડો. સોમૈયાએ રાજ્ય ચૂંટણી પંચ, રાજ્ય સરકાર, પોલીસને અરજી કરી છે કે મુંબઈને બોગસ/ બંગલાદેશી એજન્ટોથી બચાવવા માટે કઠોર કાર્યવાહી કરવી જોઈએ.

**પ્રેસ સેક્રેટરી**

**BJP Office :** ● 11, Ashoka Road, New Delhi 110 001

➔**Please Reply :** 9C, Neelam Nagar, Mulund (E), Mumbai 400 081- Tel21639649/21634152
(M)9869220027 ● Fax : 21637432 - Email: kirit@vsnl.in, neelamnagar@rediffmaill.com
Website : www.kiritsomaiya.com